# મોટાકરણપુરા પ્રાથમિક શાળા

**મુ:-મોટાકરણપુરા , તાલુકો:-દેત્રોજ-રામપુરા , જિલ્લો:-અમદાવાદ , પીન:-૩૮૨૧૨૦**

**તારીખ:- 15 / 08 /2023**

## સ્વાતંત્ર્યદિનની ઉજવણી અહેવાલ

આજરોજ અમારી શાળાના સૌ વિદ્યાર્થીઓ અને શિક્ષકો સવારે વહેલા નિયત કરેલ સમય મુજબ શાળામાં આવી પહોંચ્યા હતા.ગામમાં સંગીતના તાલે વિવિધ બેનરો સાથે પ્રભાત ફેરી કાઢવામાં આવી. બાળકો દેશ ભક્તિના નારા,ગીત બોલ્યા. પ્રભાત ફેરી પૂરી કરી અમે સૌ કાર્યક્રમ શરૂ થતાં પહેલાં મેદાન પર ગોઠવાઈ ગયાં હતાં.

ગામના સરપંચશ્રીના વરદ હસ્તે ધ્વજવંદન કરાવવામાં આવ્યું.શાળાના તેના વક્તવ્યમાં દેશના નામી અનામી શહીદોનું સ્મરણ કર્યું અને સૌને દેશ માટે ઉપયોગી કાર્યો કરવાનો દૃઢ સંકલ્પ કરવા સૂચવ્યું.

સ્વાતંત્ર્યદિન નિમિત્તે શાળા પરિવાર દ્વારા શાળાના રંગમંચ પર સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. શાળાનો રંગમંચને સરસ રીતે શણગારવામાં આવ્યો હતો. સાંસ્કૃતિક કાર્યક્રમમાં દેશભક્તિનાં ગીતો, એકપાત્રી અભિનય,નાટકો,ગરબા,અભિનય ગીત વગેરે રજૂ કરવામાં આવ્યાં હતાં. ધોરણ:-બાલવાટિકા થી 8 ના લગભગ વિદ્યાર્થી ભાઈબહેનોએ આ કાર્યક્રમમાં ભાગ લીધો હતો.શાળાના સમગ્ર સ્ટાફે કાર્યક્રમને સફળ બનાવવા ખૂબ મહેનત કરી હતી. સ્વાતંત્ર્યદિનનો આ કાર્યક્રમ અમારા માટે પ્રેરણાદાયી બની રહ્યો.

વિવિધ શાળાકિય સ્પર્ધામાં જેવી કે વાર્તા,નિબંધ, રંગપૂરણી, ચિત્રકામ વિગેરેમાં પ્રથમ,દ્વિતીય,તેમજ તૃતિય નંબર મેળવેલ વિદ્યાર્થીઓને શાળા પરીવાર વતી ઇનામ વિતરણ કરી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ સૌને ચોકલેટ વહેંચવામાં આવી.કાર્યક્રમ પૂરો થતાં અમે સૌએ શાળામાંથી વિદાય લીધી.આમ, 15મી ઓગષ્ટના રોજ અમારી શાળામાં સ્વાતંત્ર્યદિનની દબદબાભેર ઉજવણી કરવામાં આવી હતી.